ઉજ્જયન્તગિરિનો એક ખંડિત અપ્રકાશિત પ્રશસ્તિલેખ

સં૫ા. લક્ષ્મણભાઈ ભોજક

લગભગ ૩૨ ½ × ૨૩ ઇંચના કદના પીળા પથ્થર પર કોતરેલ લગભગ છત્રીસેક પંક્તિઓમાં, શ્લોક-નિબધ્ધ એક મોટી સંસ્કૃતમય પ્રશસ્તિના ચાર ખૂણાના ચાર ટૂકડાઓ શ્રીમધુસૂદન ઢાંકી તથા સાંપ્રત લેખકના સન ૧૯૭૩ના સર્વેક્ષણ દરમિયાન જોવામાં આવેલા. તે પછી પ્રસ્તુત લેખની વાચના કરવાનો સન ૧૯૭૭માં તથા તાજેતરમાં પુનઃ પ્રયાસ કરેલો. આ લેખના ખંડો ગિરનાર પરના કહેવાતા કુમારપાળના મન્દિરના પ્રાંગણમાં ઉત્તરની બાજુએ સાચવેલા શિલ્પખંડો સાથે જોવા મળેલા. પ્રશસ્તિનો મોટો, હદભાગ, નષ્ટ થયો હોઇ ઉપલબ્ધ પદોનાં સન્દર્ભ અને સાતત્ય ખંડિત તેમજ લુપ્ત થઈ જવાથી લેખમાં મૂળ હશે તે કેટલીયે મહત્ત્વપૂર્ણ હકીકતોનો વિલય થયો છે. વધુમાં શિલાલેખ હવામાં ઘણા વર્ષોથી ખુલ્લો અને ચત્તો પડયો રહ્યો હશે તે કારણસર ઉપલબ્ધ ભાગો-માંથી કેટલાયે અક્ષરો તદ્દન ઘસાઇ જઈ દુર્વાચ્ય બન્યા છે. કયાંક કયાંક વળી પથ્થર ટોચાઈ જવાને લીધે અક્ષરો સર્વથા ગાયબ થયા છે. લેખના સંવત–વારાદિ નષ્ટ થયા છે; પણ તિથિ કાર્તિક વદ ૫ ની જણાય છે. અક્ષરો બારમા શતકના લેખોમાં મળે છે તેવા, અને પડીમાત્રા યુક્ત લિપિમાં હોઈ, તમજ લેખના ઉપલબ્ધ હિસ્સાઓમાં રાજા કુમારપાળનું નામ ત્રણેક સ્થળે વંચાતુ હોઈ, ને વિશેષમાં પ્રશસ્તિકાર બૃહદ્‌ગચ્છના વિજયસિંહસૂરિ હોઈ, આ મહત્ત્વપૂર્ણ પ્રશસ્તિલેખ આગળ અવલોકીશું તેમ ચૌલુક્યાધિપ કુમારપાળ (ઈ.સ ૧૧૪૫–૧૧૭૫)ના સમયનો જણાય છે.

લેખના પ્રારમ્ભના શ્લોકમાં યદુવંશનંદનમણિ, શિવાદેવીનન્દન, રાજીમતીવલ્લભ જિન નેમિનાથની લલિત–ગંભીર શબ્દોમા સ્તુતિ કરી છે. પછીના વિશેષ ખંડિત શ્લોકમાં "કુમારપાળ નૃપતિ"નું નામ આવે છે. પંક્તિ ૧૩મા રૈવતક તથા રૈવતગિરિનો ઉલ્લેખ છે. પં. ૧૭માં "કુમારપાળ–ક્ષિતિપાલ" નો ઉલ્લેખ છે; ને પંક્તિ ૧૯માં "કુમાર–નૃપ"ના કોઈ દંડેશ્વર (દંડનાયક)નો નિર્દેશ છે: (નામ ગયું છે; કદાચ ત્યાં ગિરનાર પર સં. ૧૨૨૨–૨૩ (ઈ.સ. ૧૧૬૬–૬૭) પાજા કરાવનાર દંડનાયક આમ્રદેવ કિંવા આંબક હોવાનો સંભવ છે). પંક્તિ ૨૦માં ગજપદ–કુંડના ઝરાનો ઉલ્લેખ છે. પંક્તિ ૨૩માં કોઈ જગત્‌સિંહ અને પંક્તિ ૨૪માં જાસઈલદેવી (?) નું નામ આવે છે. તે પછી પંક્તિ ૩૨ માં કોઈ સોમસિંહનો ઉલ્લેખ છે. લેખનો મુખ્ય ભાગ અહીં ગયેલો હોઈ આ વ્યક્તિઓનો પાર-સ્પરિક સંબધ તેમ જ તેમના ગિરનાર પર (કદાચ અન્યત્ર પણ) કરાવેલ સુકૃતો સંબંધમાં કશી ભાળ મળી શકતી નથી. (પં. ૩૩માં "પ્રપા" શબ્દ મળે છે.)

વિજયસિંહસૂરિનું નામ (ખંડિત અવસ્થામાં) પંક્તિ ૩૫માં અને ફરીને પંક્તિ ૩૬માં છે જયાં સ્પષ્ટરૂપે બૃહદ્ ગચ્છીય વિજયસિંહસૂરિએ પ્રશસ્તિ રચી તેવો ઉલ્લેખ આવે છે. લેખ કોતરનાર સૂત્રધાર 'મેવાડા' જ્ઞાતિનો હશે તેમ અંતિમ ત્રુટિત ભાગ પરથી સૂચિત થાય છે, જો કે તેનું નામ ઊડી ગયું છે.

પ્રશસ્તિના વધુ નિશ્ચિત સમય વિશે આ પળે વિચાર કરીએ તો બે મુદ્દા તરફ લક્ષ આપવાનું રહે છે. તેમાં પ્રથમ છે વિજયસિંહસૂરિના વિદ્યમાનતાનો કાળ. ઉપલબ્ધ પ્રમાણો અનુસાર વિજય-સિંહસૂરિ જયસિંહદેવ સિદ્ધરાજ તેમજ કુમારપાળના સમકાલીન હતા. તેઓ બૃહદ્‌ગચ્છીય અજિત-દેવસૂરિના શિષ્ય હતા. બીજી બાજુ સુવિશ્રુત જિનધર્મપ્રતિબોધ (કુમારપાલપ્રતિબોધ) સં. ૧૨૪૧ (ઈ.સ. ૧૧૮૫) ના કર્તા સોમપ્રભાચાર્યના તેઓ ગુરૂ થાય.[૧] આથી સોમપ્રભાચાર્યના તેઓ વૃદ્ધ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમકાલિક હતા અને તેમનો સ્વર્ગવાસ ઈ.સ. ૧૧૮૫ થી કેટલાંક વર્ષો પૂર્વે થઈ ચૂક્યો હશે તેમ લાગે છે. આબૂક્ષેત્ર સમીપવર્તી કોરંટ (વર્તમાન કોરટા)ના જિનાલયમાં તેમણે વિ.સં. ૧૧૪૩ (ઈ.સ. ૧૧૨૭)માં પ્રતિષ્ઠા કરાવેલ પ્રતિમાના લેખો ઉપલબ્ધ છે,[2] જે સ્પષ્ટતયા સિદ્ધરાજના સમયમાં પડે છે. જ્યારે બીજી બાજુ આરાસણમાં સં. ૧૨૦૪ (ઈ.સ. ૧૧૪૮) માં અને સં.૧૨૦૬ (ઈ.સ. ૧૧૫૦)માં તેમના હસ્તે થયેલ જિન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કુમારપાળના સમયમાં જાય છે. કોરંટની પ્રતિમાઓ તેમણે જો પ્રૌઢાવસ્થામાં કરી હોય તો આરાસણની પ્રતિમા તેમની વૃદ્ધાવસ્થામાં થઈ હોવાનુ અનુમાન થઈ શકે. ગિરનારવાળી પ્રશસ્તિના કાવ્યની પરિપક્વ શૈલી જોતાં તે સૂરીશ્વરની ઉત્તરાવસ્થામાં થઈ હશે તેમ કલ્પી શકાય. બીજો મુદ્દો છે પ્રશસ્તિમાં કુમારપાળના અનુલક્ષે થયો હશે તેવો **मालवमालवश्री** ઉલ્લેખ. મહાકવિ શ્રીપાળની રચિત વિ.સં. ૧૨૦૭–૮ (ઈ.સ. ૧૧૫૦–૫૧) ની કુમારપાળની વડનગર–પ્રશસ્તિમાં કુમારપાળના બલ્લાલ પરના માલવવિજયનો ઉલ્લેખ છે, અને પ્રસ્તુત વિજય ઈ.સ. ૧૧૫૦ થી થોડો વહેલો થઈ ચૂક્યો હશે. સામ્પ્રત ગિરનાર પ્રશસ્તિ પણ આથી ઈ.સ. ૧૧૫૦ બાદ જ રચાઈ હોવી જોઈએ.

ત્રીજો મુદ્દો છે દંડનાયકનો. સિદ્ધરાજના સમયમાં સોરઠનો દંડનાયક સજ્જન હોવાનું પ્રબંધો પરથી જ્ઞાત છે. કુમારપાળે ત્યાં શ્રીમાલિ રાણિગના પુત્ર આંબાકને નિયુક્ત કર્યો હોવાનું સમકાલિક લેખક બૃહદ્ગચ્છીય સોમપ્રભાચાર્ય જિનધર્મપ્રતિબોધમાં જણાવે છે. પછીના નાગેન્દ્રગચ્છીય વિજય-સેનસૂરિના રેવંતગિરિરાસુ (આ. ઈ.સ. ૧૨૩૨) તેમ જ ચરિત્ર પ્રબંધાદિ સાહિત્યમાં પણ એ વાત ચર્ચાઈ છે. સ્વયં આંબાકના ગિરનાર પર પર્ગથિયાં કરાવ્યા સંબંધી સં. ૧૨૨૨ (ઈ.સ. ૧૧૬૬) અને સં. ૧૨૨૩ (ઈ.સ. ૧૧૬૭) ના ટૂંકા લેખો મળી આવ્યા છે.[3] વિશેષમાં આંબાકના ભાઈ ધવલે પ્રપા કરાવ્યાનું ઉપર્યુક્ત રાસમાં વિજયસેનસૂરિ કહે છે; અને અહીં ચર્ચા હેઠળના લેખમાં એક સ્થાને "પ્રપા" શબ્દ આવે છે. એટલે વિજયસિંહસૂરિના લેખમાં દંડનાયકની પદવી પર એ સમયે આમ્રદેવ હોવાનું અભિપ્રેત હોય તો લેખ ઈ. સ. ૧૧૬૬–૧૧૬૭ના અરસાનો હોવાનો સંભવ છે.

લેખની વાચના આ પ્રમાણે છે.

[पं. १] ॐ नमः श्री नेमिनाथाय ।। देवः श्रीयदुवंशनंदनमणिर्हे (?) मातरक्ष्मापति... व्यद्दर्पाकंदर्पपाटनपटुर्निस्तीणराजीमती रागाब्धिः शिवतातिरस्तु जगतां स श्रीशिवानंद [पं.२] नः ।।१।। श्रीमद्गूर्जरमेदिनीपरिवृतः...शः स रजते, जागर्त्तिस्स कुमारपालनृपतिर्भूयालसा...।।२।।...का [पं.३] निर्वाग...वी तेर्वि...कार...स [पं.४] ति मेदिनी...[पं. ५] रक्षि...[पं. ६] षं ।। २४...[ह] [पं. ७] क्लीसकैः...[पं. ८]..[पं. ९] जगती...[पं. १०] कनी...[पं. ११] जयतः ...[पं. १२] ..[पं. १३]...रैवतके ।।८।। येन विरचय्यरैवतगिर...[पं. १४] . घाटित...कालः ...[पं. १५]... [पं. १६ ..२४ इति ..[पं. १७]...पदप्रसादः कुमारपालः क्षितिपाल...[पं. १८[...मालवमालवश्रीः ।।२७।।...[पं. १९] ..भिधाना । श्रीमत्कुमारनृप...दंडेश्वर...[पं. २०]...: [गजेन्द्र] पदकुण्डोद्यन्निर्ज्झरे...[पं. २१] . रिव मर्त्योजन्मरत्नेरिव श्रीजि[न]...[पं. २२]... ३४ कलिकाल...प्रसरेसुजनाय...मंडलं ..[पं. २३]...वीनि ।।३६।। तद[न्वये क्षत्री] कुलावतंसः स्ववंशविभ्रांतयशः पताकः । जज्ञे जगत्सिंह...दुपा [पं. २४]...सफलोद्गमः ।।३८।। तस्या जा...या जासइइलदेवीति कलिकुलरीतिः । निक [पं. २५]...वरकांतिकांताः । पञ्चेन्द्रियाणि सुकृतावर-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णेर्जयन्तो ध्यानं च पञ्चपरमें[ष्ठि]...[पं. २६]...दध्वे सकलकुलधुरमात्रं राभ्रा....इलक्ष्मीगोत्रैक· मान्यः स ।...[पं. २७]...नासं चकार ॥४२॥ तस्य गुणुर[त्नसु]धीः कालिकल्मषदल...[पं. २८] सहश्च...भिस्तनवः सुजनम...॥४४॥ तेषां...[पं. २९]...कृपणभृकुटीभंग...व सुखानि यः ।... [पं. ३०]...प्रेशस्तः । श्रीसोमसिंह इति...कूलभि...कास्ति ॥४७॥ दानं वलभं...[पं.३१]...तश्च ॥ ४८॥ यस्य विधोरिव रजनी...देवीति क्षयं...[पं.३२]...मषंडकुलनंदनश्च...॥५०॥ [पं.३३] प्रपा ॥५२॥ [पं.३४]...प्रेश्न... [पं.३५]...सूरेर्बिजयसिंहेन ॥५५॥ यावन्नल...रमि राजति राज- हंस...[पं.३६]...[का]र्त्तिक शुदि ५ श्रीबृहद्गच्छीय [विज]यसिंहसूरिभिः प्रशस्तिरियं मेवाड...[४]

---

१. Ed. Muniraja Jinavijaya, Gaekwad's Oriental Series No. XIV, Baroda 1920, P. 477 Prasasti.

२. प्राचीन लेख संग्रह (ભાગ. ૧ લો) સંપા. મુનિરાજ વિદ્યાવિજય, શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાલા, ભાવનગર. ૧૯૨૯, પૃ. ૨.

૩. ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૨ જો, સંક. આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રન્થાવલી ૧૫. મુંબઈ ૧૯૩૫, પૃ. ૫૫-૫૬.

૪. ત્રુટિત હોવા છતાં પ્રશસ્તિમાં શાર્દૂલવિક્રીડિત, ઉપેન્દ્રવજ્રા, વસંતતિલકા, ઇત્યાદિ છન્દો ઓળખી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org